 શ્રી

ઉમીયાજી મનરંજન સ્તુતી

ગાયન સંગ્રહ.

અસારવા મનોરંજન મંડળી તરફથી

રચનાર

પટેલ શીવલાલ ઇશ્વરદાસ

પટેલ મગનલાલ હરીભાઈ

છપાવી પ્રસિદ્ધ કરનાર

પટેલ કેશવલાલ મગનલાલ

સુતાર કીશોરભાઈ મોતીરામ.

આવૃતી ૧ લી.

અમદાવાદ

સિવિલ હોસ્પિટાલ સામે પાનાભાઈની વાડીના મેડા ઉપર

વિશ્વેશ્વર પ્રેસમાં છગનલાલ જેઠાભાઈએ છાપ્યા.

સંવત ૧૯૫૩ સને ૧૮૯૭

કીંમત ૦—૨—૦ બે આના.

શ્રી ઉમીઆજી મનરંજન સ્તુતી

ગાયન સંગ્રહ.

અસારવા મનોરંજન મંડળી તરફથી

રચનાર

પટેલ શીવલાલ ઇશ્વરદાસ

પટેલ મગનલાલ હરીભાઈ

છપાવી પ્રસિદ્ધ કરનાર

પટેલ કેશવલાલ મગનલાલ

સુતાર કીશોરભાઈ મોતીરામ.

આવૃતી ૧ લી.

અમદાવાદ

સિવિલ ઇસ્પિતાલ સામે પાનાભાઇની વાડીના

મેડા ઉપર વિશ્વેશ્વર પ્રેસમાં

ઇશ્વરદાસ જેકણુદાસે છાપી.

સંવત ૧૯૫૩ સને ૧૮૯૭

કીંમત ૦—૨—૦ બે આના.

પ્રસ્તાવના.

સર્વે ઉમીઆજીના ભક્તજનો પ્રતે વીદીત કરવામાં આવે છે કે આ “ઉમીઆજી મનરંજન સ્તુતી ગાયન સંગ્રહ” નામનો લઘુગ્રંથ બહાર પાડવાનો મુખ્ય હેતુ એટલોજ છે કે આજકાલ ઉછાછળા છોરૂઓના ચીત પરધર્મીદી નાટકોના રાગોમાં લીન થઇ ગયેલાં છે, તેથી સ્વધર્મના પુરાતન લેખકારો ઉપર બીલકુલ પ્રીતી રાખતા નથી તેથી ધર્મની હાની થાય છે, તે અટકાવ કરવા સારૂ ઉચ્ચીત ધારી આ ગ્રંથનો પહેલો ભાગ પ્રગટ કરવામાં આવેલો છે. આ ગ્રથમાં મારા જુજ અનુભવને લીધે ઘણીક ભુલો રહેલી હશે તે વાંચક વર્ગ સુધારી લેશો એવી હું અંતઃકરણથી આશા રાખુ છું.

લી.

પ્રગટ કર્તા.

અસારવા.

મુ. અમદાવાદ



5૯૩૯

શ્રી ઉમીયાજી મનરંજન સ્તુતી ગાયન સંગ્રહ.

સ્તુતી ગાયન ૧ લું.

(શ્રી જગતપતી પ્રભુ આપ સન્મતી) એ રાહ.

શ્રી ઉમીયાદેવી, તું છે આદ્ય ઇશ્વરી;
સ્તુતિ માતુ નીત કરૂં, હર્ષ મન ધરી. ટેક.
અલ્પ બુદ્ધિથી હું આરંભું, આપ તણો મહીમાય;
અંબાજી મહેર કરોતો, ગ્રંથ પુરણ થાય. શ્રી.
મુજ રંકને અતી મતી દો, આપો બુદ્ધિ આજ;
ભક્ત તણું દુઃખ ટાળો માતુ, હે ઉમાયા સીરતાજ. શ્રી
પ્રેમ થકી જે દરશન આવે, કરજો તેને સહાય;
સહુ સેવકને સરણ ગ્રહોતો, ચીંત્તા સર્વે જાય શ્રી.
સંવત ઓગણી પાંચ ત્રણના, વર્ષે શ્રાવણ માસ;
અસારવામાં રચતાં ઉપજ્યો, અંતરમાં હુલ્લાસ. શ્રી.
મૃગ વાહની માતુ અમારી, કરજે સહુને સુખ;
મનોરંજન મંડળી કહે કરજોડી, હરજો સહુનાં દુઃખ. શ્રી

સ્તુતી ગાયન ૨ જું.

(ગીતી)

ઓગણી ત્રેપનની સાલે, માસ વૈસાખ શુદી ત્રીજે;
શુભ દીવસ મંગળે, માજીની પ્રતીષ્ટા કીજે.

સ્તુતી ગાયન ૩ જું.

(આડેતીન પેસે સેર, દુધી ના બેચુગી.) એ રાહ.

ઉમીયા માતુ મહેર કરી, પુરો આસ મારીરે;
પુરો આસ મારીરે, હું તો જાઉ વારીરે. ઉમીયા. ટેક
અંગ ઉપર સ્વારી કીધી, સજી સોળ સણગાર;
સુંદર સસી સમ મુખડું શોભે, તેજ તણો અંબાર. ઉ.
સુવર્ણ મુગટ સુંદર શીર સોભે, કંઠે નોતમ હાર;
રત્ન વેઢ આંગળીએ ઓપે, વીજળી સમ ચમકાર. ઉ.
સુંદર સાળુ સીરપર સોભે, તેજ તણો નહી પાર;
અમો સર્વે મળી માનીએ આજે, અંતરમાં આભાર. ઉ.
રૂપ આપનું અદભુદ જોઇને, હરસીત થાય નર નાર;
સહુ જન દરસન કરવા કાજે, આવે તુજ દરબાર, ઉ.
મન કામના પુરી પાડો, માજી દીન દયાળ;
સહુ સેવકની ભકતી જાણી, બચાવ તારા બાળ. ઉમીયા.

સ્તુતિ ગાયન ૪ થુ.

(ગીતિ)

સહાય કરો મમમાતુ, માજી દીલમાં હર્ષ ધરી આજે;
આપના ગુણ ગાવાને, સેવકને સદબુદ્ધી આપવી છાજે.

સ્તુતિ ગાયન ૫ મુ.

(ડરમાં તું દીલ સાથ છોકરા) એ રાહ

કરો કરૂણા ઉમીયા માત, તમો કરો કરૂણા ઉમીયા માત;
મહેર કરી મંમાયા તમો. ટેક
તમો માતુ છો સૃષ્ટીના પાલક, સર્વ લોક આવે
દરશન કાજે, તેમને સુખ આપો છોરે આજે;
માજીરે આપના સહુ ગુણ ગાયે, ગુણ ગાયે
તેના સહુ દુઃખ જાયે.
જલદી ચાલો, માજીનાં દરસન કરો, સહુ સુખીઆ થાઓ;
ચાલો દરસન કરવા કાજ,તમે ચાલો દરસન કરવા કાજ.તમો.
માસ આસો શુદ આઠમે, હવાન ત્યાં તો થાય છે ભારે;
સહુ જન દરસન આવવા ધારે, ઘૃત ઘણું હોમાય
તેવારે, માજી પ્રસન થાય છે ત્યારે.
માજી કૃપા કરો, દયા ધરો. સેવકને સુખી કરો.
કરો અસારવામાં મેહેર, તમો કરો, અસારવામાં મહેર. તમો.

સ્તુતી ગાયન ૬ ઠુ.

(અતર મહન અલબેલો આતો દીસે) એ રાહ

સહાય થજો જગ જનેતા, સંકટ વીશે સહાય થજો
જગ જનેતા. ટેક
માતુ તમે છો દુખના હારક, સેવકના સુખ દાતા. સંકટ
દુઃખ અમારાં દુર કરે તો, થાવ અમોને શુખ સાતા સંકટ
માજી આપના આસરે આજે, સેવક સહુ સુખી થાતા. સંકટ
અસારવાના સહુ જનોને, સુખીરે કરજો જનેતા. સંકટ
માફ કરો અમગુના માતુશ્રી, કહીએ છીએ ગુણ ગાતા. સંકટ

સ્તુતી ગાયન ૭ મુ.

(નહીબતાવ (૨) આનન તારૂ તે નામ ભજાવ્યું મારૂ)એ રાહ
જસ ગાવુ. જસ ગાવુ. ઉમા ગુણ કારી છે માત સદા સુખકારી
ગામ અશારવામાં પધારી
સૌકોની લાજ વધારી;
નીચ બુદ્ધિ સહુની સુધારી. છો જગ જાણ;
સુખની ખાણ કરો કલ્યાણ, સદા હીતકારી, છે માત.
આપ ભકતી ચીતે ધરે છે,
ભવસાગર મધે તરે છે;
સુખ સાંતીમાં તે ફરે છે, માજીનું નામ.
પડે નહી દામ, થાય વીશ્રામ; ભજો ઉમીયાજી.છેમાત.
નીહાળો સહુજન નીરખી,

રાખો માજી સદા મન પરખી;
ભજો ઉમીયા હૃદેયથી હરખી, અરે આચાર.
દુસ્ટ વીકાર, દુખનો સાર; તજો મન ધારી, છે માતી
ગામ અસારવામાં આજે,
મનોરંજન મંડળી ગાજે;
કરવા સુખ શાંતી છાજે, અરે આ ધામ;
માજીનું નામ, ઠરો જઇ ઠામ; રટો નરનારી. છે માત.

સ્તુતી ગાયન ૮ મુ.

(થયા છોરે પતી તેજ પ્યારી તનના ઉર હુસી વશી આજે)એ રાગ.

થયો છે રે અમ સફ્લ દીવસ, મલ્યાં ઉમીઆજી આજે
મલ્યાં. ટેક.

જગત જનુની માજી અમારાં, જગત વીસે વીખ્યાત;
માતુ આજે, સુખ કાજે, સાંતી છાજે, દુખ ભાજે;
માજી તમ સેવક તન મન ધન તમને અરપે થઇ રાજી. થ.
દયા દ્રસ્ટીથી તમેજ મળજો, સહુને થાજો સહાય;
દુખ કાપો, સુખ આપો; પુત્ર સ્થપો, જપીએ જાપો;
માજી મહેર કરીને સહુ સેવકનાં કષ્ટ હરો આજે. થયોછે.
રંગે ચંગે સહુજન સંગે, ચાલો માજી દરબાર;
માતુ મારી, સુખ કારી, દુખ હારી, જાઉંવારી.
હવે માતુ અમપર મહેર કરીને કરો સફ્ળ કાજે. થયો છેરે.

(સ્તુતી ગાયન ૯ મું.)

(સુણો નગર શેઠ (૨) સહુ સાંભળી વાત તમારી) એરાહ
પ્રભુ નીરદોશી (૨) મુજ દોષજ માફી કીજે;
અમ સેવકની વીનતી મા ઉર ઉમીઆ ધરી લીજે.
નવ દોષી ગણો (૨) અમો ભક્તિ આપની કરીએ.
નીરદોષી કીંકર તમ સેવક આપના જાપ ઉર ધરીએ.
સહુ રો તમો (૨) અસારવાના નરનારી;
માજીના મંડપની શોભા બની છે બહુ સારી;
આટલો અપરાધ (૨) આ વખતજ ક્ષમા કરીએ.
અસારવા મનોરંજન મંડળી હરનીશ નામ સમરીએ.

સ્તુતિ ગાયન ૧૦ મું.

(શીવાજી શુરવીર પ્યારા મારા તત્પર થા તઈઆર) એ રાહ.
અશારવાના સહુ નરનારી ચાલો માજી દરબાર
માજી પદ પુજન કરવાને સહુ હર્ષીત અપાર.
અસારવાનું રક્ષણ કરી સહુ શેવકને સંભાળ;
જાણી બાલ, રાખો પાસ, માજી દીલમાં દયા ધરીને.
પુરો મારી આશ. અસ.સ્વા.

સ્તુતી ગાયન ૧૧ મું

(કઇને મારી કઇને કાપી સ્વારથ સાધયો પહેલો) એ રાહ
આરાસુરમાં અંબા બીરાજે, પાવાગઢ મહાકાલી;

દક્ષિણમાંહે તુળજા ભવાની ચુવાલે બહુચર બાળી.
મારી ઉમીઆજી વસી અસારવે ગાજે.

સ્તુતી ગાયન ૧૨ મુ.

(પુનમ ચાંદની શી ખીલી) એ રાહ

ચાલો ચાલો સહુ સજનો ટોળે મળીરે;
આતી ખુશાલીનો અવસર આજ;
હેતે રમીએ આનંદે માજી આગલેરે. એ ટેક.
આપણને શુધ્ધ ભકતીથી માજી થાશે સહાય.
વીઘ્ન આપણા હેતેથી કરશે દુર મંમાય.
માતુ તણી મતી માંહે નથી રતીરે.
ભક્તિ કરે તેના ટાલે સરવે શોક હેતે.
દેખાએ ના દ્રષ્ટીએ કોઇ જનને કાંઇ દુખ.
જેને માતુ સહાય થાય તેને શાની ભુખ.
આખા અસારવામાં આનંદના ઉભરારે;
સહુ શેવકોને દેજો માતુ સુખ. હેતે.
કેશર કસ્તુરી ફુલ લઇ, સહુ જન પુજન જાય;
પુજે પુરા પ્રેમથી માજી પ્રસંન થાય;
શ્રધ્ધા વાલા સર્વે ભકતો સાચા હેતથીરે,
થાળ ધરાવે છે માજીને હરરોજ. હેતે.

સ્તુતિ ગાયન ૧૩ મું.

(મહેતાજીરે શું મહી મુલ બતાવું) એ રાહ.

માયાજીરે ઉમીઆ અરજ હીએ ધારો, વીનતી ઉર આપ વીચારો
હું અબળાારે તમથી નથીરે થનારો, માજી મારો કે કાં ઉગારો

ઝુલ.

સુણો કઇલાસપતીની રાણીરે, વંદુ દીલમાં હર્ષ હું આણીરે
માજી ભકિત ન આપની જાણીરે, કલ્યાણીરે,
સહાય કરવા વીચારો, માજી મારો કે કાં ઉગારો.
કૃપાજીરે શુધ્ય બુધ્ધી આપો, નીચ બુધ્ધી અમારી કાપો.
જગ્ત જતુનીરે ભજીએ તમારા જાપો, હેતે પુત્ર ગણીસુખઆપો

ઝુલ

કળજુગમાં દીસો માજીરે, રાખો છો સૌને રાજીરે;
આપ રહ્યાં જગતમાં ગાજીરે, સુખ આપીરે,
દુખ તમે સહુ કાપો, હેતે પુત્ર ગણી સુખ આપો,
મહેર કરજેરે માતુ ઉમીઆ બાળી, સહુ શેવકને લ્યો સંભાળી
આમ પાપોરે હજો માજી પ્રજાળી, દીયો ક્ષમા કઇલાશગઢવાળી.

ઝુલ.

અમો આવ્યા આપની ધારેરે, તમો થાઓ સહુની વારેરે;
તમ વીણ નહી કોઇ તારેરે, અમો પુલરે
આપના ઉમીઆ બાળી, દીઓ ક્ષમા કેલાશ ગઢ વાળી.

સ્તુતી ગાયન ૧૪ મું.

(આજે આનંદ આનંદ થેઇ થેઇકાર થયો) એ રાહ

આજે આનંદ આનંદ અતી અપાર થયો,
માત ઉમીયા તમારો સેવક જાચી રહયો,
વીનંતી ઉર માંહે ધરો, શેવકને સહાય કરો.
જય જય જય આજે.
ધારી શેવક આપ આજે સુખીઆ કરો,
ગામ અશારવાના તમે દુખ હરો.
શેવક ઉપર મેહેર કરો, દયા ઉરમાંય ધરો,
જય જય જય આજે.

સ્તુતી ગાયન ૧૫ મું.

(નાથ કેસો ગજકો બંધ છોડાયો) એ રાહ.

ઉમા આઇ આશરો એક તમારો, ભકત જનોની સ્તુતી સ્વીકારો. ઉમા.
જગત જનુની છો જગમાંહે જાહેર, સેવકને શું ના પાળો.
માત માતુ એક મુખે ઉચરીએ, ભકત પ્રતે કાંઇભાળો.ઉમા
ભક્તવત્સળ ભીડ ભાગો ભવાની, હે ઉમીઆ શીરતાજે.
દુખ અમારા દુર કરીને, સુખ કરો માતુ આજે. ઉમા.
સહુ નરનારી તુજ મુખ મોહે ઊમીઆ આદ્ય ભવાની

સર્વે સેવકો પાસે રહે નીત્ય, ઝીલવા આપ જુઆની. ઉ.
અમો સર્વે માજી આપના પુત્રો, કોડ પુરોને કલ્યાણી;
કષ્ટ સમયે સહાયજ કરીએ, કઇલાશ ગઢની રાણી. ઉમા.
સહુ લોક તારૂ શરણ ઇછે મા, તરવા આ સંસાર;
માતુ ભવાની ભય નીવારો, ભવ જગ પાર ઉતાર. ઉમા.
જે કોઇ પ્રેમથી દરસન આવે, તે સહુ પાવન થાય,
મુગરે વાહની મેહેર કરો તો, દારીદ્ર સહુ દુર જાય. ઉમા
અસારવામાં માજી બીરાજીને; અરજી સેવકની સ્વીકારો
લક્ષ્મણ ગીરજીને સાહાય કરોમા કષ્ટ સકળ નીવારો. ઉમા.
અસારવા મનોરંજન મંડળી ગુણરે આપના ગાય.
માતુ ઉમીઆ મેહેર કરો તો, સંકટ સહુ દુર જાય. ઉમા.

સ્તુતી ગાયન ૧૬ મું.

(લાજ લીધી ઓ બાપ લાજ લીધી) એ રાહ.

મેહેર કીધી ઓ માત મેહેર કીધી
સેવકોને આશીશ બહુ દીધી. ઓ માત.
અમો ગયા માજીના દરશંન કરવા,
કરવા માના એ ધ્યાનજ ધરવા
માજી રાજી થયાં છે દુઃખ હરવા.
સર્વે દાસને થાઓ સહાય, મેહેર કરો મંમાય. મેહેર
માત ઉમીઆએ આશીરવાદ દીધાં,

જોણે ભકતોએ અમ્રત પીધાં,
પછી સર્વેને સુખીઆં કીધાં.
સુખ કરો અશારવા માંય, મહેર કરો મંમાય. મહેર
આપ આશરે અસારવુ ગામ
સહુ શેવક મળીને તમામ.
મુખે ઉચારે માજીનું નામ
શોભા સારીરે ત્યાંતો દેખાય, મેહેર કરો મંમાય મેહેર

સ્તુતી ગાયન ૧૭ મું.

શીતી.

માતુ અમારી વીનતી, જલદી લે તું ઉરમાંહે ધારી
સેવકને સુખ આપી, મેહેર કરીને અમપર ભારી.

સ્તુતી ગાયન ૧૮ મું.

(પતી આને ન દુઃખી કરશો.)

માજી મને ન દુખી કરશો,
કૃપા કરશો (૨) દીલે ધરશો, સુખી કરશો. માજી.
કૃપાલુ છે (૨) ઉમા મારી, શરી જેવું વદન મેવું,
અતી છું ભુખડું, દુખડું, માજી દીલ માંહી વિચારશો. માજી

ઉમીઆજી છે (૨) બહુ ભોળી, મને તારી, આશા બહોળી
બહુ દુખીઆનાં મા દુખ, માજી ક્ષણમાંહી નીવારશો. મા.

સ્તુતી ગાયન ૧૯ મું.

(હાય શી આ ગતી મારી) એ રાહ.

થયો આજે સફળ અવતાર, મલ્યાં ઉમીઆજી આ વાર. થયો
પાપ દુખ નીવારણ કરશે, ભજસે જે અંતઃમાંય.
અમો આવ્યા છીએ આવાર, કરો સુખ સાર.
દુખો નિવાર થયો.
સંસાર પાર ઉતારવા કારણ, નહી તુજ વીણ આધાર
કરો કૃપા માજી આવાર, ગણીને બાળ
લે તું ઉગાર થયો.
દુઃખ નીવારણને સુખ કારણ, સહાય છે મોટી તારી,
કરૂ સાચી ભકિત તારી, અરજ સ્વીકારી.
બચાવ તું માડી. થયો.
તુજ દરશન વીણ હે ઉમીયા મા, ખારો લાગે સંસાર.
ખરો એક તુજ આધાર, દુઃખનો માર,
પાપ નીવાર. થયો.

સ્તુતી ગાયન ૨૦ મું.

(વીરા વેશધાના ધારી) એ રાહ

માજી અરજ અમારી, દીલમાં ધારી, શેવકને સંભાળ;
અમો આવ્યા આવારી, શર્ણુ તમારી, દુ:ખ નીવારી. શેવક. ટેક
મૂગરે વાહની સંકટ અમારાં, શેવકનાં કર દુર;
અસારવા મનોરંજન મંડળી, આપને ચાહે છે ઉર;
કરો વાર અમારી, પુત્ર વિચારી, દુખ નીવારી, સેવક.
આ સરટીમાં સહાય તમારી દયા લાવો દીલ માંય;
આપને પારે સહુ જન આવે, દાસને થાઓ સહાય,
સોભે ચુંદડી સારી. સુખકારી, દુખ નીવારી; સેવક.
આસો માસે સહુ ભકત મળીને ગુણ તમારા ગાય,
માતુ તમારા સેવક આજે, પ્રેમે લાગે પાય;
જઇએ તમપર વારી, લાજ વધારી, દુખ નીવારી. સેવક.
અમો સર્વે મળી માગીએ એટલુ, મહેર કરો મંમાય;
દુ:ખ હરીને સુખ કરો માતુ, સેવકને થાઓ સહાય,
આવ્યા પારે તમારી ઉરમાં ધારી, દુખ નિવારી. સેવક.

સ્તુતી ગાયન ૨૧ મું.

(મામાએ ક્રોધજ કીધો, અવગુણ મારો ઉર લીધો) એરાગ

માજીએ ન્યાલજ કીધા, ઉપકાર ઘણા મુને દીધા;
કીધા ઉપકાર અપાર, મુજ અતી અતી નાદાર, અરે આ વાર;
પરમ સુખ દીધાં. માજી.
જગત જનુની માત તું, મને એક તારો આધાર.
અમો સર્વ મળી વીનવીએ, મા કૃપા કરો આ વાર.
આ કાલ લેજે સંભાળ ફીકર તું ટાળ અમ્રીત રસ પીવાં. માજી.
મંડપ રચના શી કહુ, પ્રેમે પુજે સૌ નરેસ.
આભુષણ સર્વ શોભીતા, માજી બેઠાં બાળે વેશ.
સજયા આવાર, સોળે શણગાર, કરો સુખ સાર, દુખ હરી
લીધા. માજી.

મનોરંજન મંડળી મળી, સૌ ગુણ આપના ગાય.
હેતે ઉમીઆ સાહાય કરો, મા પાપી પાવન થાય.
પાવન સૌ થાય, અરે આ માય, દયા દીલમાંય,
સુદ્ધ દીલ કીધાં.

સ્તુતી ગાયન ૨૨ મુ.

(ભેખરે ઉતારો રાજા ભરથરી) એ રાહ

સેવારે કરૂં હું પુરા પ્રેમથી, પ્રસન થાઓ મંમાયજી;
પુત્ર ગણો જો માજી તમ તણા, સર્વે કાર્ય સહાયજી.
અરજ સુણોને ઉમીઆ માવડી.

માફ કરો અમ ગુના સહુ, પુજુ પ્રેમે હું પાયજી;
વખત આવ્યો છે આ અટપટો, સગુણાંમતને મા સહાયજી
અરજ સુણોને ઉમીઆ માવડી.

માજી સેવક હુ હું તાહરો, સેવા બજાવે આ દાસજી;
મહેર કરો મુજ રંક પર, કરજો પાપનો નાસજી.
અરજ સુણોને ઉમીઆ માવડી.

આજ્ઞા આપો મુઝ માતજી, ધરવા આપનો જાપજી;
સોક ટાળીને સુખ આપજો, ટળે ત્રીવીધીના તાપજી.
અરજ સુણોને ઉમીઆ માવડી.

હાજર હજુર ઊભો રહુ છો, ઉમીઆ તારો આ દાસજી,
બેઉ કર જોડીને વિનવું, હેતે રાખો મા પાસજી.
અરજ સુણોને ઉમીયા માવડી.

સ્તુતિ ગાયન ૨૩ મુ.

ગીતિ

મ્યુર વાહ્નની માત, ઉમીયા આજે પ્રેમે પાય લાગુ.
વાવેક વાણી અરપો, એટલુ દીલથી હર્શ ધરી માગુ;

સ્તુતિ ગાયન ૨૪ મું,

(રે ડી રહયો છે રાની) એ રાહ.

પારે આવ્યા છી ઉમીયાની, દીયો મોક્ષ માતુ ભવાની.
ભોળા સેવક આવી ચઢ્યા છે અહીં. વીપતીપડી; વીવીધ નડી,
અરે આ ઘડી. દેરી જગત જીવાની. દીઓ.
પામર સેવક પાયે પડે છે, અરે માહારાં, દુખો જબરાં;
કરો અળગાં, હરજો કષ્ટ કૃપાની. દીઓ.
જાહેર કરો મુજ માતુ તમેતો, દીઓ છો મતી, કરૂ ભકતી;
સુનો વીનતી, નીચ બુધીની વારી. દીઓ.
અસારવાના સહુ જન આજે, નથી ડરતા, ભક્તી કરતા;
દુખ હરતા, છકએ શરણે તમારી. દીઓ.

સ્તુતી ગાયન ૨૫ મુ.

(વટ સાવીત્રી વ્રત આજે) એ રાહ.

માજીનુ વ્રત આજ પુરણ કહિએરે.
લઇ લીધ વીધ ફુલનો થાળ હાથે ધરીએરે,
ચાલો સર્વે શેવક આજ રંગે ચંગેરે.
પુજો હર્ષેથી ઉમીયાય. સહુ જન સંગેરે;
વ્રત માજી તણું સાચવો તમો.
તો તો સુખી તમે સહુ થાઓરે, હેતે માતુ દુખ નીવારસે;
સૃષ્ટીમાં સુંદરતા શી તમારી કહુ.
દીન શેવકને માજી સુખ આપોરે, હેતે માતુ દુખ નીવારશો;
ઉંઝા પુરી અમને સહાય કરો મા, દીનદાસનાં વાઘ્ન હરો મા.
ભવ સાગરે ડુબેલા જનને, મ માયા તમે ઉગારો.
મન હર માજી મેહેર કરોજી,ભકતની વીનતી ધ્યાન ધરોજી;
કુમતી દુર અમ જાયે, મં માયા તમે ઉગારો.

સ્તુતિ ગાયન ૨૬ મુ.

(આજે આનંદ આનંદ થેઇ થેઇકાર થયો) એ રાહ.

અસારવામાં ઉમીયા દેવી શોભે કેવાં.

માજી મનમાં ધારો છો, સૌને સુખ દેવાં.
ભકતો ઉર માંહ્યા લેવા, કરૂ પુરા પ્રેમથી શેવા;
જય જય જય. અસારવા.

અરજી ધ્યાનમાં આ સેવકની લીયો તમો;
કરજોડીને માફી માગીએ છીએ અમો,
આવું હું ભકતી કરવા, હેતેથી દીલમાં ધરવા.
જય જય જય. અસારવા.

અસારવાના નરનારી સૌ ભજે છે તમને,
માજી શોક ટાળીને સુખ આપો અમને.
કરૂ ખુબ ખાંતથી સેવા, આપો માજી મીઠા મેવા
જય જય જય. અસારવા.

ભકત જનોની સ્તુતી લેજો દીલમાં ધારી;
માજી શેવા બજાવે સહુ શેવક તારી;
ઉમીઆના આશરે આજે, મનોરંજન મંડળી ગાજે.
જય જય જય. અસારવા.

સ્તુતિ ગાયન ૨૭ મું.

(ક્ષત્રી કલંક કેમ લેશેરે) એ રાહ.

અમો આવ્યા માજી કેરા ધામ, વીનંતી ઉરમાંહીધરોરે.
વ્યાપો દીલમાં હર્ષ અપાર. વીનંતી.
માજી આપના ગુણ સહુ ગાય. વીનંતી.
સહુ શેવકોને થાઓને સહાય. વીનંતી.
માતુ મુખ દેખી દીલ હરખાય વીનંતી.
પાછા જવાનુ ન મન જરી થાય. વીનંતી.
અમો અરજ કરીએ સહુ આજ, વીનંતી.
કરો સેવક તણું શુભ કાજ, વીનંતી.
માજી દયા કરી કરો મહેર, , વીનંતી.
સર્વ મંડળીને કરો લીલા લહેર; વીનંતી.

સ્તુતી ગાયન ૨૮ મું.

(મુજ ઉપર ગુજરી પીના) એ રાહ

ઉમીઆ મા અર્જ અમારી ઉરમાં ધારો,
સહુ સેવક જનને, દુખ થકી ઉગારો. ઉમીયા.

હર રોજની સાયંકાલે આરતી થાયે,
ફળ મેવાનો પરસાદ ઘણો વેહેંચાયે, ઉમીયા.
સ્તુતી કરે સહુ જન મળી તે વારે;
માજી દીલમાં અતી ખુશી થાય છે ભારે. ઉમીયા.
માસ શ્રાવણ વદી અમાસે મેળો ભરાયે;
વીના માણસ જગા નથી રહેતી જરાએ. ઉમીયા.
ઉજાણી આવે છે સહુ, પ્રીતમને પ્યારી;
માજી પદ પુંજે ઉમંગ દીલમાં ધારી. ઉમીયા.
સહુ દુખીઆના દુખ દુર કરે છે માત;
કોઇ સુખી થયા વીણ નથીરે પાછુ જાતું. ઉમીયા.
માજી આપના આસરે ગામ અસારવું ગાજે;
સહુ સેવક જનને સુખીરે કરવા છાજે. ઉમીયા.
માસ વઇશાખ સુદ, ત્રીજે ઉજાણી થાએ,
ગામ અસારવાના સહુ જન દરસન જાયે. ઉમીયા.
અસારવા મનોરંજન મંડળી ગુણ આપના ગાયે;
અમો માગીએ એટલું મહેર કરો મંમાય. ઉમીયા.

સ્તુતી ગાયન ૨૯ મું.

(કઇને મારી કઇને કાપી સ્વારથ સાધવો પહેલો) એ રાહ

ભકત વત્સલ માતુ છો ભવાની, સેવકની સુખ દાતા;
અસારવા મનોરંજન મંડળીને, રાખોછો સુખ સાતા.
સુદ્ધ બુધ્ધી આપો. પ્રેમે પુત્રો મળી સ્થાપો.

સ્તુતી ગાયન ૩૦ મું.

(કામ છે દુષ્ટ વિકારી) એ રાહ

સુખડાની માયા લાગી, માજી તારા સુખડાની માયા લાગી.
માયા મંદીરે ઘેલો બનેલો, ભકત તે ઉઠયો જાગી. માજી.
કલેસ વીસેસ હું કરતો કુકર્મી, આજ મટયો હું અભાગી.
સેવક તારણ દુખ નીવારણ, મુક્તી લેઉ મન માગી. માજી.
માજી ઉમીયા મહેર કરોજી, સેવક રહ્યા પાય લાગી. માજી.

સ્તુતી ગાયન ૩૧ મુ.

(વીનંતી ધરજો ધ્યાન) એ રાહ.

સ્તુતી કરૂં મંમાય, ઉમીઆ સ્તુતી કરૂં મંમાય;

મુજ બુદ્ધી મહા મંદ મલીન છે, કરતુ સહુને સહાય.ઉ.
મહેર કરીને વાણી સુધ આપો, આપનુ વર્ણન થાય.ઉ.
માતુ જસ ગાઉ સુખ અતી પાઉ, દુખ સહુ દુર જાય.ઉ.
જે કોઇ આપની શેવા કરેછે, તેને થાઓ છો સહાય. ઉ.
મનોરંજન મંડળી કહે કરજોડી, કરૂણા કરજો સહાય. ઉ.

સ્તુતી ગાયન ૩૨ મું.

(ભુજંગી) એ રાહ.

નમુ નેહથી ઉમીઆજી તનેતો;
સદા સુખી રાખો અમોને તમેતો.
અમોને આસરો એક માજી તમારો;
સહુ સેવકોનાં સંકટ નીવારો.
સુંદર કરોછો સૃષ્ટી માંહે સારી;
અરે ભક્ત ગાયે ગુણો તુજ ભારી.

સ્તુતી ગાયન ૩૩ મું.

(કોના હુકમથી સમશેર એપર ચલાવી) એ રાહ.

દયા કરીને માતુ શ્રી તમે લીયો મન ધારી;
અરજ કરીએ અમો, દીલમાં વીચારી. દયા.
ક્રોધ પાપું શું આવું, રાખોને માજી નકામું;
માતુ ઉમીઆજી રોસ નાંખોને વીસારી. દયા.
સાંખવો સેવા ધારી પ્રીત રૂડી રીત તમે;
ભક્તી કરવાને માતુ છીએ અનાચારી, દયા.
સેવા સુદ્ધ ચીતે કરે માજીરે તમારી;
તેના સહુ દુસ્મનો રહે છે જખ મારી. દયા.

(સ્તુતી ગાયન ૩૪ મું.)

(હે દાતા તું સુખ કર) એ રાહ.

હે ઉમીઆ તું સુખ કર, છે માત તણી ગતી અપાર;
નવ સેવક પામે પાર. હે ઉમીયા.
સકળ વીશ્વ ભુમીપર માજી, આપ તણી રહી કીરતી ગાજી,
માજી તણું મુખ નીરખી, થન ગન થનનન; કહેતા જેજેકાર.
નવ સેવક. હે ઉમીયા.

ઉમીયાજી કહો, મહાકાળી કહો, અંબીકાકે બહુચરાજી કહો
સર્વે એકત્ર રૂપ, ભકતો સહુજન ચીત ગ્રહો.
નવ સેવક. હે ઉમીયા.

સ્તુતી ગાયન ૩૫ મું.

(કઇને મારી કઇને કાપી સ્વારથ સાધવો પહેલો) એ રાહ

જગત જનુની માજી મારી, કહું છું હું ગુણ ગાતાં.
અસારવા મનોરંજન મંડળીને, કરજે નીત સુખ સાતા.
શાળી ચીંતા મારી, સાચી કળજુગમાં માજી.

સ્તુતી ગાયન ૩૬ મું.

(આરતી)

જય ઉમીયા સકતી, મા જય ઉમીયા સકતી;
નીસદીન તુજને વંદી (૨) કરૂ સદા ભકતી. જયો જયો.
ઉમીયા શકતી.

મહેર કરીને માત કઇલાસે રાચ્યાં, મા કઇલાસે રાચ્યાં;
સેવક કારણ પોતે (૨) મૃત્યુ લોક ગાજ્યાં. જયો જયો

દુખી જન સુખી જન સર્વ પાયે તુને પડતાં મા પાયે
તુને પડતાં;

દુખ સેવકના દેખી (૨ દુસ્મનથી લડતાં. જયો જયો.
ચોખંડ તુજ નામ સૃષ્ટીમાં વ્યાપી, મા સૃષ્ટીમાં વ્યાપી.
ભક્તને સહાય કરો મા (૨) કષ્ટો સહુ કાપી, જયો જયો.
સર્વને કરજો સહાય, મહેર કરી માજી મા મેહેર કરી માજી
હુર નીસ આરતી કરતાં (૨) ઉરમાં અતી રાજી, જયો જયો.
અસારવા મનોરંજન મંડળી માજી ગુણ ગાસે, મા માજી
ગુણ ગાસે.
જન્મ મરણ ભય ટાળી (૨) સુખીઆં સહુ થાશે. જયો જયો.

સ્તુતી ગાયન ૩૭ મું.

(નીંદલીઓની નીરાંત રાખી) એ રાહ

નીંદલીઓની નીરાંત રાખી અમીત છો માતુ આજે,
અર્ધ ગઈ છે જામની, કેમ નાવે નીંદ લગાર,
ચીંતા તજી સહુ દાસની, પોઢો માજી આવાર.
પોઢાને આજે, આનંદ છાજે, સુખને કાજે, નીંદ.
સેવકના દુઃખ દુર કરી, પાપીને કીધા ઠાર,
ભક્તની ચીંતા દુર કરો, મા સુખ તણાં આધાર;

સુખથી આજે, ખુબ નીરાંતે, આ મધરાતે. નીંદ.
સરૂપગર વાયુ ઢોલે, ફુલ સજ્યાએ પોઢો માત;
કસ્તુરી બહેકે ઘણી, વીઝ વીધે ભલી ભાત.
નીંદજ લેજો, સુખજ દેજો, અંતર ધરજો; નીંદ૦

સમાપ્ત.

જાહેર ખબર.

સર્વે સદગ્રહસ્થોને ખબર આપવામાં આવે છે કે આ ચોપડી નીચે લખેલા ઠેકાણેથી રોકડી કીમતે વેચાતી મળશે. તે ઉપરાંત ખરીદ કરનારને કીફા-યત ભાવે આપવામાં આવશે, દસાવરથી મંગાવ-નારને અરધો આનો ટપાલનો જાસ્તી મોકલવો.

રહેવાસી. અસારવા જીલ્લે અમદાવાદ.

ઉપરના ઠેકાણેથી ગુટકા રોકડી કીમતે વેચાતી મળશે.

લી. ગ્રંથકર્તા.